ગુજરાતના સરકારી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ(ગ્રાન્ટેડ શાળાઓ),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની શાળાઓ, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની શાળાઓમાંથી સૈનિક સ્કૂલ બાલાચડી,જામનગરમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણની સુવિધા પુરી પાડવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૨૨૦૨૧-ન.બા.૧૪-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 12 DEC 2022

વંચાણે લીધા -:

(૧) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૮/03/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ૮૬/વિશિષ્ટ/સૈનિક શાળા/નવી બાબત/૨૦૨૨/૯૧૧.

આમુખ-:

વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના કમિશનરશ્રી, શાળાઓની કચેરીના ૨૮/03/૨૦૨૨ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સૈનિક શાળા બાલાચડી, જામનગરમાં ધોરણ-૬ અને ધોરણ-૯માં નિર્ધારિત નિયત કરેલ પ્રવેશ કસોટી દ્વારા પારદર્શક અને મેરીટ આધારીત પ્રવેશ પ્રક્રિયાને અનુસરીને પ્રવેશ મેળવતા ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ(ગ્રાન્ટેડ શાળાઓ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની શાળાઓ, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની શાળાઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી મફત શિક્ષણની સુવિધા પુરી પાડવા અંગેની ઇ.ડી.એન-૧૮ હેઠળ કુલ રૂ.૧૨૪.00/- લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ, જે બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-:

પુખ્ત વિચારણાના અંતે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સૈનિક શાળા બાલાચડી, જામનગરમાં ધોરણ-૬ અને ધોરણ-૯માં નિર્ધારિત નિયત કરેલ પ્રવેશ કસોટી દ્વારા પ્રવેશ મેળવતા ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ(ગ્રાન્ટેડ શાળાઓ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની શાળાઓ, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની શાળાઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી મફત શિક્ષણની સુવિધા પુરી પાડવા અંગેની ઇ.ડી.એન-૧૮ ,માંગણી નં.0૯( પ્લાન), ૨૨૦૨-સામાન્ય શિક્ષણ ,0૨-સામાન્ય,૧૧૦-

નિદેશ અને વહીવટ, ૦૧-કમિશનર શાળાઓ, હેડ ચાર્જેબલ:(૨૨૦૨-૦૨-૧૧૦-૦૧) હેઠળ કુલ રૂ.૧૨૪.૦૦/- લાખની નવી બાબતની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

<u>શરતો</u> :

(૧) આ યોજનાનો લાભ ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ(ગ્રાન્ટેડ શાળાઓ),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની શાળાઓ, આદિજાતિ વિકાસ વિભાગની શાળાઓમાંથી સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર થશે. ખાનગી શાળાના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૨) દર વર્ષે થયેલ ખર્ચના હિસાબો કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ વિભાગને ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે.

(૩) નિયત થયેલ પ્રવેશ પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) જે તે શૈક્ષણિક વર્ષમાં સૈનિક સ્કૂલ બાલાચડીની નિયત થયે શિક્ષણ ફી, હોસ્ટેલ ફી સહિતની અન્ય ફીની રકમ સહાયરૂપે મળવાપાત્ર થશે.

(૫) દર વર્ષે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓની પૂરતી સમીક્ષા કર્યા બાદ ક્રમિક રીતે આગળના વર્ષે વિદ્યાર્થીઓને સહાય ચાલુ રહેશે.

(૬) પ્રવેશ પરીક્ષા મારફતે પ્રવેશ મેળવેલ ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ(ગ્રાન્ટેડ શાળાઓ),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની શાળાઓ, આદિજાતિ વિકાસ વિભાગની શાળાઓમાંથી આવતા વિદ્યાર્થીઓની યાદી સાથેની જરૂરી દસ્તાવેજો સાથેની દરખાસ્ત આચાર્યશ્રી, સૈનિક સ્કૂલ બાલાચડીએ કમિશનરશ્રી, શાળાઓની કચેરી ગાંધીનગરને કરવાની રહેશે. સદર દરખાસ્તની સમીક્ષા કમિશનરશ્રી, શાળાઓની કચેરી ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.

(૭) કમિશનરશ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગર દ્વારા સૈનિક સ્કૂલ બાલાચડીને દરખાસ્ત હેઠળના સમીક્ષા બાદના વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણની સુવિધા આપવા ચૂકવણું કરવામાં આવશે.

(૮) આ યોજનામાં સમાવિષ્ટ થતાં તથા સૈનિક સ્કૂલ બાલાચડીમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી સમગ્ર શિક્ષાના ઓનલાઈન પોર્ટલ પર પૂરવાની રહેશે. (વેબસાઇટ: schoolattendancegujarat.in)

(૯) સદર યોજનાની વાર્ષિક સમીક્ષા કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ સૈનિક સ્કૂલ સોસાયટીના પરામર્શમાં કરવાની રહેશે અને યોજના સંદર્ભે સમીક્ષાના અંતે વિદ્યાર્થી સંખ્યા , આર્થિક બાબતો કે MOA સંબંધિત કોઈ ફેરફાર કરવાના જણાય તો વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૫/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી ,નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર ( કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જામનગર (કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- આચાર્યશ્રી, સૈનિક સ્કૂલ, બાલાચડી, જામનગર.
- આઈ.ટી.શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય(શિક્ષણ વિભાગની વેબ સાઇટ ઉપર અપલોડ કરાવા માટે)
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ